૨૯

**રાજ્યની ક્રાઈમ બ્રાન્ચોને સુદ્રઢ બનાવવા સ્પેશિયલ ઓપરેશન ગ્રુપની રચના માટે ઉભી કરવામાં આવેલ જગ્યાઓ ચાલુ રાખવા અંગે.**

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ
ઠરાવ ક્રમાંક :- મહક-૧૦૨૦૦૪-૨૬૮૯-સ
સચિવાલય,ગાંધીનગર.
તારીખ :-૭/૦૫/૨૦૧૨

**વંચાણમાં લીધા :-**

(૧) ગૃહ વિભાગનો તા.૧૪/૦૮/૨૦૦૬નો સમાન ક્રમાંકનો ઠરાવ.
(૨) ગૃહ વિભાગનો તા. તા.૨૫/૬/૨૦૦૯ સમાન ક્રમાંકનો ઠરાવ.
(૩) ગૃહ વિભાગનો તા. ૦૬/૦૭/૨૦૧૦નો સમાન ક્રમાંકનો ઠરાવ
(૪) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી,ગુજરાત રાજ્ય,ગાંધીનગરની કચેરીનો તા.૬/૧૨/૨૦૧૦નો પત્ર ક્રમાંક:-ઈ૧/૧૫૩૬/એસ.ઓ.જી/કન્ટી/૧૧-૧૨/૨૩૧૭/૧૦
(૫) ગૃહ વિભાગનો તા. ૧૩/૦૫/૨૦૧૧નો સમાન ક્રમાંકનો ઠરાવ
(૬) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી,ગુજરાત રાજ્ય,ગાંધીનગરની કચેરીનો તા.૨૩/૧/૨૦૧૨નો પત્ર ક્રમાંક:-ઈ૧/૧૫૩૬/હં.જ /કન્ટી/૧૨-૧૩/૨૧૮ /૧૨

**ઠ રા વ :-**

રાજ્યમાં આતંકવાદી ગતિ વિધિઓના પ્રમાણમાં વધારો થવાથી તેમજ અગાઉ જે ગુન્હાઓ થતા હતા તે ગુન્હાઓના પ્રકારમાં દિન પ્રતિદિન થતા વધારાના કારણે સ્થાનિક પોલીસ દળ તમામ ગુન્હાઓ ઉપર ધ્યાન આપી શકતું ન હોવાથી ધાર્યું પરિણામ મેળવી શકાતું નથી. આ મુશ્કેલી નિવારવા અને ગુન્હાઓ શોધી કાઢવાનું કામ સરળ બને તે માટે રાજ્ય કક્ષાએ એક સ્પેશિયલ ઓપરેશન ગ્રુપની રચના કરવા સરકાર કક્ષાએથી લેવાયેલ નિર્ણયના અનુસંધાને સંદર્ભ(૧)માં દર્શાવેલ તા.૧૪/૮/૨૦૦૬ના ઠરાવથી નીચે દર્શાવ્યા મુજબની કુલ ૬૫૯ નવી જગ્યાઓ ઉભી કરવા અને ભરવા મંજુરી આપવામાં આવેલ હતી

| ક્રમ | જગ્યાનું નામ | સંખ્યા |
|---|---|---|
| ૧. | નાયબ પોલીસ કમિશ્નર | ૦૨ |
| ૨. | મદદનીશ પોલીસ કમિશ્નર | ૦૧ |
| ૩. | પોલીસ ઈન્સપેક્ટર | ૩૫ |
| ૪. | પોલીસ સબ ઈન્સપેક્ટર | ૬૩ |
| ૫. | હેડ કોન્સ્ટેબલ | ૧૫૭ |
| ૬. | પોલીસ કોન્સ્ટેબલ | ૪૦૧ |
| | કુલ | ૬૫૯ |

સંદર્ભ ક્રમાંક(૫) પરના તા. ૧૩/૦૫/૨૦૧૧ના હુકમથી ભરાયેલી ૪૭૯ જગ્યાઓ તારીખ ૨૯/૨/૨૦૧૨સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવેલ હતી.

૨. સંદર્ભ- (૬) માં દર્શાવેલ પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની કચેરીના તા.૨૩/૧/૨૦૧૨ના પત્રથી ઉક્ત હંગામી જગ્યાઓને તા.૦૧/૦૩/૧૨ થી તા.૨૮/૦૨/૨૦૧૩ સુધી ચાલુ રાખવાની મંજુરી આપવા દરખાસ્ત કરેલ છે.

૩.ઉક્ત દરખાસ્ત પર પૂરતી વિચારણા કર્યા બાદ ઉક્ત કુલ ૬૫૯ જગ્યાઓ પૈકી ગૃહ વિભાગના સંદર્ભ (૫)માં દર્શાવેલ તા ૧૩/૦૫/૨૦૧૧ના ઠરાવમાં ઉલ્લેખ કરેલ કુલ-૪૭૯ જગ્યાઓ પૈકી(૧) ૪૦૮ જગ્યાઓ ભરાયેલ જગ્યા તરીકે (૨) ૫૧ જગ્યાઓ ખાલી જગ્યા તરીકે અને(૩) ૨૦ જગ્યાઓ સ્થગિત જગ્યા તરીકે તા.૦૧/૦૩/૨૦૧૨ થી તા.૨૮/૦૨/૨૦૧૩ સુધી ચાલુ રાખવાની આથી નીચેની શરતે મંજુરી આપવામાં આવે છે,

(૧) આ જગ્યાઓ જે હેતુ માટે ઉભી કરેલ છે તે હેતુ માટે જ ચાલુ રાખવાની રહેશે.

(૨) ૩ વર્ષ કરતા વધુ સમયથી ખાલી જગ્યાઓ રદ કરવાની રહેશે.

(૩) ૧ વર્ષ કરતા વધુ અને ૩ વર્ષ કરતા ઓછા સમયથી ખાલી જગ્યા સ્થગિત કરવાની રહેશે.

(૪) આ અંગેનું ખર્ચ વર્ષ ૨૦૧૨-૧૩ માટે ફાળવવામાં આવેલ ગ્રાન્ટમાંથી કરવાનું રહેશે તેમજ બજેટ સદર " માંગણી ક્રમાંકઃ-૪૩-પોલીસ, મુખ્ય સદરઃ ૨૦૫૫-જિલ્લા પોલીસ, પેટા મુખ્ય સદરઃ૦૦, ગૌણ સદરઃ ૧૦૯-જિલ્લા પોલીસ, પેટા સદરઃ ૦૧-જિલ્લા પોલીસ ખુદ, ખર્ચનો પ્રકારઃ આયોજન/મતપાત્ર, ખર્ચનું હેડ ચાર્જેબલઃ ૨૦૫૫ ૦૦ ૧૦૯ ૦૧ , સ્કીમ કોડઃ MEP-6; પ્લાન કોડઃ ૧૧૪૫૦૫" હેઠળ ઉધારવાનો રહેશે.

(૫) ખાલી જગ્યાઓ અંગે નાણા વિભાગની વખતો વખતની સૂચનાનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૬) સુચિત જગ્યાઓ જો કેંન્દ્ર પુરસ્કૃત હોય તો તેના નાણા ભારત સરકાર પાસેથી સમયસર પરત મેળવી લેવા માટે જરુરી કાર્યવાહી કરવાની રહેશે.

(૭) આગામી વર્ષ ૨૦૧૩-૧૪ માટે આ હંગામી જગ્યાઓ ચાલુ રાખવાની દરખાસ્ત સાથે (૧)ભરાયેલ જગ્યાની સંખ્યા સંવર્ગ મુજબ પત્રક સ્વરૂપે રજૂ કરવી (૨) ખાલી જગ્યાની વિગતો સંખ્યા સંવર્ગ મુજબ-જગ્યા કઈ તારીખથી ખાલી છે તેની વિગતો પત્રક સ્વરૂપે રજૂ કરવાની રહેશે.

૪. આ હુકમો આ વિભાગની સમાન ક્રમાંકની ફાઈલ પર નાણાંકીય સલાહકારશ્રી(ગૃહ)ની તા.૧૨/૦૪/૨૦૧૨ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી.જી. જોષી)
સેકશન અધિકારી
ગૃહ વિભાગ.

પ્રતિ

- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી(વહીવટ), ગુજરાત રાજય, ગાંધીનગર
- અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી(ઈન્ટેલીજન્સ), ગુજરાત રાજય, ગાંધીનગર
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ
- નાણા વિભાગ/ઝ.૧-શાખા, સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, રાજકોટ/અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- સ્થાનિક તપાસણી અધિકારીશ્રી,ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી, આર, શાખા, બ શાખા,ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શાખા સીલેકટ ફાઈલ
- નાયબ સેકશન અધિકારી સીલેકટ ફાઈલ.